Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-3, Issue-9, Continuous Issue-25, May - June 2024

# પન્ના ત્રિવેદી અને મીનલ દવેની કોમી રમખાણો વિષયક વાર્તાઓમાં સામાજિક વૈમનસ્ય.

- દિનેશ પી. ચૌહાણ

મૂળ વિદેશથી ઊતરી આવેલ ટૂંકી વાર્તાનું સ્વરૂપ ગુજરાતી સાહિત્યમાં ખૂબ જ ફૂલ્યું- ફાલ્યું છે. અનુઆધુનિક સમયગાળામાં કલાતત્વ પરત્વે ટૂંકીવાર્તા એક સંકુલ કલાસ્વરૂપ તરીકે વિકસી રહ્યું છે. અનેક વિધ વિષયોને પોતાનામાં સમાવી શકવાનું સામર્થ્ય ધરાવતું અને માનવ મનના સૂક્ષ્મગહન સંવેદનોના સ્પર્શનો અનુભવ કરાવતું વાર્તારૂપ સાહિત્યમાં અનોખુ સ્થાન ધરાવે છે.

પન્ના ત્રિવેદી આપણી નવી પેઢીના સશક્ત વાર્તાકાર તરીકેની ઓળખ ધરાવે છે અનુઆધુનિક સમયના વાર્તાકારોમાં તેમનું સ્થાન સતત મજબૂત બની રહ્યું છે. પન્ના ત્રિવેદી એક સુપ્રસિદ્ધ વાર્તાકાર હોવાની સાથે સાથે કવિયત્રી, વિવેચક, સંશોધક, સંપાદક તથા અનુવાદક છે. શરૂઆતમાં એમ એસ. યુનિવર્સિટી, વડોદરા તથા અમદાવાદની વિવિધ સરકારી કોલેજોમાં ગુજરાતી સાહિત્યનું અધ્યાપન કાર્ય કર્યું હતું. અત્યારે તેઓ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં ગુજરાતી વિભાગમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે કાર્યરત છે. સ્નાતક તેમજ અનુસ્નાતક બન્ને કક્ષાએ યુનિવર્સિટીમાં પ્રથમ રહીને અનેક પારિતોષિકો અને ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા છે. ૨૦૦૨માં એમ.એ.ના બીજા વર્ષ દરમિયાન માત્ર ૨૧ વર્ષની નાની વયે તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ 'આકાશની ચીસ' પ્રગટ થાય છે. ત્યારબાદ 'રંગ વિનાનો રંગ'(૨૦૦૯), 'સફેદ અંધારું'(૨૦૧૪), 'સાતમો દિવસ'(૨૦૧૬), 'ફૂલ બજાર'(૨૦૧૯) અને છેલ્લે ૨૦૨૧માં 'બરફના માણસો' એમ કુલ છ વાર્તાસંગ્રહ એમની પાસેથી મળે છે. આ છ સંગ્રહોમાં કુલ ૮૯ વાર્તાઓ એમણે આપી છે. એમની વાર્તાઓમાં નવા વિષયો અને નવીન તરાહનું આલેખન નોંધપાત્ર બની રહે છે. વિષયનાવીન્ય અને અનોખી રચનારીતિ એમની વાર્તાઓનું આગવું લક્ષણ છે. નારીવાદ, દલિત સંવેદના, કે દેશીવાદથી ઉપર ઊઠતી મનુષ્યની નિજી સંવેદનાનું આલેખન એમની વાર્તાઓનું મહત્વનું પાસું છે.

પન્ના ત્રિવેદીની મોટાભાગની વાર્તાઓ નારીકેન્દ્રી છે. અલબત્ત સમાજ જીવનના અન્ય પાસાઓનું આલેખન કરતી વાર્તાઓ પણ તેમણે આપી છે. એમાં કોમી રમખાણોને વિષય બનાવતી વાર્તાઓ ધ્યાનપાત્ર બની રહે છે. 'સફેદ અંધારું', 'રક્ષણ', 'હુમલો', 'ફૂલ બજાર' વગેરે જેવી વાર્તાઓ મનુષ્યની માનવતા સમક્ષ પ્રશ્નાર્થ ઊભા કરે છે. 'હુમલો' વાર્તામાં હિંદુ- મુસ્લિમ ગલીઓમાં ફેલાવાતી અફવાઓ અને મચેલા હુલ્લડને કારણે ફેલાયેલો ભય કેન્દ્રસ્થાને છે. સર્જકે કોમી તોફાનોનું વિકૃત સ્વરૂપ દર્શાવવા કરેલા દ્રશ્યાંકનો તાદ્રશ્ય બની રહે છે. એક બાજુ સુલેમાન મુસલમાનોને ઉશ્કેરે છે, તો બીજી બાજુ ગફૂરની રામચંદને ચઢવણી છે. ઘર જેવો સંબંધ ધરાવનાર યાસીન અને કિન્નીના પરિવારો આવનાર પરિસ્થિતિથી વ્યથિત છે. જેને ભાઈ માની રાખડી બાંધી હતી તે યાસીન કિન્નીને ઉપાડી જવાનો છે તેવું જાણ્યા પછી

રામચંદ પોતાની સગી દીકરી કિન્નીને ગળે ટૂંપો દઈ દે છે. અહીં રમખાણમાં હિંદુ અને મુસલમાન બને પક્ષ અફવાનો ભોગ બન્યા છે.

‘સફેદ અંધારું’ વાર્તામાં કોમી રમખાણો પછી શહેરની બહાર રાહત છાવણીમાં આશ્રય લેતા લોકોની કરુણસભર વાત છે. અમાનવીયતાના અંધકારમાં પણ રાહત છાવણીમાં માનવતાનું જે અજવાળું જોવા મળે છે. એ જ આ વાર્તાનો ધ્વનિ છે. ચરણસિંહના દીકરા અને બરકત અલીના પિતાના મૃત્યુનો અણસાર ડોક્ટર દ્વારા અપાય છે. પછી બંને પાત્રો મનોમન સામેવાળાના મૃત્યુની કામના કરે છે. અહીં માનવમનની અત્યંત દારૂણ સ્થિતિનો પરિચય મળે છે. કોમી રમખાણોનો વિષય હોવા છતાં વાર્તામાં માનવ સ્વભાવના અગોચર વિશ્વનું આલેખન કરવામાં સર્જકે કલાત્મકતાનો પરિચય આપ્યો છે. ‘રક્ષણ’ વાર્તામાં સર્જકે માનવનિર્મિત આફતમાં પણ વ્યક્તિની સ્વાર્થવૃત્તિ અને મદદના નામે સ્ત્રી પર આચરવામાં આવતા અત્યાચારની ઘટના આલેખી છે. આખી વાર્તા સંવાદપ્રધાન છે. તોફાનમાં ફસાયેલો પતિ ઘરે આવે છે ત્યારે પત્ની સમક્ષ સમગ્ર ઘટનાક્રમની આપવીતી જણાવે છે. વાર્તાનાયક અને તેનો બોસ યુવતીની એકલતા અને મજબૂરીનો ફાયદો ઉઠાવે છે. પતિ-પત્નીના સંવાદમાં રચાયેલી વાર્તામાં પુરુષ પાત્રની લોલૂપતાનું વાસ્તવદર્શન થતું જોવા મળે છે. ‘ફૂલ બજાર’ વાર્તામાં સાવ અલગ જ ચિત્ર દોરાયું છે. ચાર ફૂટનો ગોટી હિંદુ-મુસલમાન બન્ને કોમના ઘરોમાં નાનાં-મોટાં કામો કરે છે. તે પોતાને અનાથ માનતો નથી. બધા માટે પોતે ‘મહત્વ’નો માણસ છે, એવી ભ્રમણામાં રાચતા ગોટીનું તોફાનોમાં મૃત્યુ થાય છે. ત્યારે આટઆટલા ઘરોમાંથી કોઈ એક પણ ઘર તેના મૃતદેહની વિધિ માટે તૈયાર થતું નથી. અહી વાર્તામાં મનુષ્યની સ્વાર્થવૃત્તિ અને પશુતાનો પરિચય મળે છે.

પન્ના ત્રિવેદીએ કોમી રમખાણોના વિષયના આલેખનની સાથે-સાથે માનવસર્જિત ભયંકર આફતમાં માનવ મનના આંતરજગતમાં ચાલતા વિવિધ ભાવો અને વાસ્તવનું કલાત્મક આલેખન કર્યું છે.

પન્ના ત્રિવેદીના સમકાલીન વાર્તાકારોમાં મીનલ દવે પાસેથી ‘ઓથાર’ નામે એક વાર્તાસંગ્રહ મળે છે. શિક્ષિત પરિવારમાંથી આવતા મિનલ દવેને શરૂઆતથી જ શિક્ષિત અને વાચનમય વાતાવરણ મળે છે. મહાનગરના વાતાવરણથી કેળવાયેલ મિનલ દવેની વિશેષ રૂચિ આત્મકથા, નાટક અને ભારતીય સાહિત્યમાં રહી છે. સૌરાષ્ટ્રમાંથી સ્નાતક થયા પછી તેમણે એમ. એસ. યુનિવર્સિટી, વડોદરામાંથી એમ.એ. કર્યું અને ૩૨ વર્ષ પછી ૨૦૧૨માં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની ડિગ્રી મેળવી. એમને અધ્યાપનનો લાંબો અનુભવ છે. ભિલોડા કોલેજ, અંકલેશ્વરની કોલેજ અને છેલ્લે ચાર દાયકાની લાંબી સેવા આપ્યા બાદ ભરૂચની કોલેજમાંથી તેઓ નિવૃત્ત થયા છે. તેમને એક જ વાર્તાસંગ્રહ ‘ઓથાર’ આપ્યો છે. આ સિવાય ‘સાહિત્ય સમાજનો આયનો’ નામનું સંશોધન પુસ્તક એમણે આપ્યું છે. ઉપરાંત તેલુગૂ લેખીકા વોલ્ગાની પ્રથમ નારીવાદી નવલકથાનું ‘સ્વેચ્છા’ નામે અને કન્નડ લેખક એસ.એલ. ભૈરપ્પાની નવલકથાનો ગુજરાતી અનુવાદ કર્યો છે. ડોક્ટર સતીષ વ્યાસ સાથે યશવંત પંડ્યાની એકાંકીઓનું સંપાદન કર્યું છે. આમ સાહિત્યસર્જનમાં ‘ઓથાર’ એમનું મૌલિક સર્જન છે.

'ઓથાર' મીનલદવેનો પહેલો અને અત્યાર સુધીનો એકમાત્ર વાર્તાસંગ્રહ છે. તેર વાર્તાઓના સંગ્રહમાં નવ વાર્તાઓ સ્ત્રીઓને લગતી છે. જેમાં સ્ત્રીઓના જુદા જુદા પ્રશ્નો આલેખન પામ્યા છે. ઓથાર વાર્તા કે જેના શીર્ષક પરથી સંગ્રહનું નામ આપવામાં આવ્યું છે, તે સંગ્રહની પ્રથમ વાર્તા છે. વાર્તાની નાયિકા નોકરિયાત છે. જે રોજ ટ્રેનમાં અપડાઉન કરે છે. કોમી હુલ્લડો પછીના સમયમાં તંગદિલીમાં રેલ્વે સ્ટેશન પર ટ્રેનની રાહ જોતી નાયિકાને પોતાની પાસે બાંકડા પર આવીને બેસી ગયેલી. બુરખાધારી મહિલાની બીક લાગે છે. ટ્રેનમાં બેઠા પછી પણ બધું સુમસામ હોય છે. અને નાયિકાના ફફડાટમાં વધારો થાય છે. પોતાનું સ્ટેશન આવતા બુરખાવાળી બાઈ કહે છે- "અચ્છા હુઆ આપ યહાં બૈઠી થી, વરના મેરીતો હિમ્મત હી નહિ થી, ઇસ માહોલ મે અકેલે જાના...."(પૃ.-૫). અહી વાર્તાનું કલાત્મક પાસુ જોઈ શકાય છે. નાયિકા જે સ્ત્રીથી ભય અનુભવતી હતી. એ સ્ત્રી પોતે પણ ડર અનુભવતી હતી. એ સ્ત્રી પણ નાયિકાની હાજરીમાં સુરક્ષાનો ભાવ અનુભવે છે. અહીં નાયિકાના આત્મવિશ્વાસમા દંભ પ્રવેશે છે. અને તે કહે છે. 'એમાં બીક શેની? હું તો રોજ અપડાઉન કરું છું'. પ્રસ્તુત વાર્તામાં ઘટના બરાબર પકડાઈ છે. સમગ્ર વાર્તા નાયિકાના મુખે પ્રથમ પુરુષ એકવચનમાં કહેવાઈ છે. કોમી રમખાણોના વિષયને આલેખતી આ વાર્તામાં સામાજિક માન્યતાઓ મનમાં કેવી? ઊંડે સુધી ઘર કરી ગઈ હોય છે કે, આવા દિવસોમાં આપણે કેવું પૂર્વગ્રહિત જ વિચારતા રહીએ છીએ. એવી માનસિકતા જ પોતે ઓથાર બનીને પીડા આપે છે તેનું તાદ્રશ્ય ચિત્ર ખડું કરી આપે છે. લઘુમતી વિશેની માનસિકતાના અહીં લીરેલીરા ઉડ્યા છે. આજના આધુનિક સમયમાં પણ આવી વાર્તા કેટલી પ્રસ્તુત છે એ બુધ્ધિજીવી લોકોને કહેવાની જરૂર રહેતી નથી. મીનલ દવેએ વર્ષો સુધી અધ્યાપન કાર્ય કર્યું છે. એમાં એમણે વિવેચન પણ ભણાવ્યું છે. એથી વાર્તાના સ્વરૂપને તેઓ નખશિખ સમજયા છે. એટલે જ તેમની વાર્તાઓ વાર્તાકલાની શરતોને અનુસરતી ચાલે છે. વાર્તામાં ભીંસ દેતું વાતાવરણ ઊભું કરવું એમને સહજ છે. કોમી રમખાણો પછી કર્ફ્યુમુક્તિમાં ઓફિસમાં ફટાફટ કામ આટોપતી નાયિકા, થોડી ક્ષણો માટે ટ્રેન ચૂકી જતા બીજી ટ્રેન માટે એક કલાક રાહ જોવી, બુરખાવાળી સ્ત્રીથી અનુભવાતો નાયિકાનો ડર, પી.સી.ઓ. વાળાની સલાહમાં ડરને મળતો વેગ વગેરે બાબતો વાતાવરણ ઊભું કરવામાં ઉપકારક બને છે. 'હજી વાતાવરણમાં ડરની ગંધ છે', 'તરસે ગળામાં કાંચકી બાજી ગઈ', 'હાથ તો ફ્રિજ થઇ ગયા'. વગેરે જેવા વાક્યોમાં નાયિકાના ભયની તીવ્રતાનો પરિચય થાય છે. અહીં નાયિકાની સાથે સાથે વાચક પણ જાણે કે ભય અનુભવે છે. સામાન્ય દિવસોમાં ટ્રેનના ડબ્બાનું વર્ણન અહીં આબેહૂબ ચિત્ર ખડું કરી દે છે. સ્ટેશને સ્ટેશને સ્ત્રીઓ લેડીઝ કમ્પાર્ટમેન્ટમાં ઠલવાતી જાય, પર્સ ને થેલીઓ ઊઘડતા જાય, તુવેર, પાપડી, વટાણા, લીલું લસણ વગેરે ફોલતાં જાય. ક્યાંક રંગીન દોરાથી સાડી કે કુર્તા પર ફૂલ-પાંદડી ખીલતા જાય, સ્વેટરો ગૂંથાતા જાય, ઓફિસની કડવી મીઠી વાતો થતી જાય. વગેરે પ્રવૃતિ દ્વારા વાચક પણ નાયિકાની સાથે જાણે ટ્રેનની મુસાફરીનો આનંદ માણી રહે છે. ટૂંકા અને સચોટ વાક્યો દ્વારા અહીં એક સુંદર દૃશ્ય ખડું કરવામાં સર્જક સફળ રહે છે. વાર્તાને અંતે જ્યારે નાયિકાના ભયનુ શમન થાય છે. ત્યારે 'થેલો હળવોફૂલ લાગતો હતો'. વાક્યમાં તેના બદલાયેલા મનોભાવનો સ્પષ્ટ નિર્દેશ મળે છે.

પહલો સંગ્રહ હોવા છતાં મીનલ દવેની સર્જકતામાં વાર્તાકલાનો સંયમ જળવાયો છે. કોમી રમખાણો અને પછી બુરખાધારી સ્ત્રી અને દાળવાળાનું સૂચક વાક્ય-'અંઈ કાં બેઠા?' જેવા વાક્યમાં વાર્તા જાતિવાદ તરફ ધકેલાવાનો સંભવ હતો પણ સર્જકની કલાસૂઝથી સમગ્ર વાર્તામાં 'ઓથાર' પ્રમુખ તત્વ બની રહે છે. અને એ ઓથારનું શમન પણ કલાત્મક રીતે થયું છે. વાર્તામાં સંવાદો અલ્પ માત્રામાં જોવા મળે છે, પણ જેટલા પણ સંવાદો છે. વાર્તાની ગતિને પોષક બની રહે છે. દાળવાળા ચીમનની ભાષામાં સુરતી ભાષાનો લહેકો જોઈ શકાય છે. બુરખાવાળી સ્ત્રીની હિન્દી ભાષા સહજ લાગે છે.

કોઈના પ્રત્યે પૂર્વગ્રહિત માનસિકતાનો ભાવ જ ઓથાર બનીને માણસને પીડા આપે છે. એ રીતે અહી વાર્તાનું શીર્ષક યથાર્થ બની રહે છે. કોઈ પણ વાચકને જકડી રાખે એવું વાર્તા જગત મીનલ દવેની આ વાર્તામાં જોઈ શકાય છે.

બંને લેખિકાઓની કોમી રમખાણોના વિષયને આલેખતી વાર્તાઓમાં સમાજ જીવનના વિભિન્ન પાસાઓનું આલેખન જોવા મળે છે. સમાજ જીવનના વિકૃત માનસના પરિણામ સ્વરૂપ કોમી રમખાણો માનવ સર્જિત આફત છે. અહીં વાર્તાઓમાં સામાજિક વૈમનસ્યનો પરિચય થાય છે. એક તરફ મનુષ્ય-મનુષ્ય વચ્ચેનું સંવેદન છે. તો બીજી બાજુ મનુષ્યો વચ્ચેની એકબીજા પ્રત્યેની પૂર્વગ્રહિત માનસિકતા છે. 'સફેદ અંધારું'માં ચરણસિંહ અને બરકતઅલી વચ્ચે માનવતાના ઝરણનો અનુભવ થાય છે. પણ મૃત્યુની વાસ્તવિકતામાં બન્ને પાત્રોમાં પોત પોતાના સ્વજનો માટે સ્વાર્થવૃત્તિના પ્રભાવમાં આવતા જણાય છે. 'હુમલો' વાર્તામાં પણ એક તરફ હિંદુ મુસ્લિમ પરિવારનો સગાભાઈઓ જેવો સ્નેહ છે તો બીજી તરફ રમખાણોમાં એ જ પરિવારો અફવાની આગમાં સ્નેહના તંતુને ભસ્મ બનાવી મૂકે છે.. 'ઓથાર' વાર્તામાં પણ અન્ય કોમના લોકો પ્રત્યેની સામાજિક માન્યતાઓ માણસના મનમાં એટલી દૃઢ થઈ ગઈ છે. કે એ માનસિકતા જ 'ઓથાર' બનીને પીડા આપે છે. તો બીજી બાજુ બુરખાવાળી સ્ત્રી હિંદુ યુવતીના સાનિધ્યમાં સુરક્ષાનો ભાવ અનુભવે છે.

આમ બંને સર્જકોની વાર્તાઓમાં સમાજની ભિન્ન-ભિન્ન માનસિકતાનો પરિચય મળે છે. પન્ના ત્રિવેદી અને મિનલ દવેની એક જ વિષયને આલેખતી વાર્તાઓમાં કેટલીક બાબતો સમાન રીતે આલેખાઈ છે. બંને સર્જકોની વાર્તાઓ જાતિવાદના દોષથી મુક્ત રહી છે. કોમી રમખાણો જેવા વિષયમાં જાતિવાદ જેવા સંવેદનશીલ પાસાનું જોખમ રહે છે. પણ બંને સર્જકોએ આ બાબતે કલાત્મક સંયમ જાળવ્યો છે.

બંને સર્જકોની વાર્તાઓમાં ભયનું વાતાવરણ મુખ્ય બાબત બની રહે છે. 'ઓથાર'માં નાયિકાનો ડર છે તો 'સફેદ અંધારું'માં મૃત્યુનો ભય છે. 'હુમલો' વાર્તામાં સંભવિત હુમલાનો ભય છે. કોમી રમખાણના વિષયને આલેખતી બન્ને સર્જકની વાર્તાઓમાં સામાજિક વિષમતાનું નિરૂપણ જોવા મળે છે. અનુઆધુનિક યુગના બન્ને સર્જકોમાં પન્ના ત્રિવેદી પાસેથી વિશાળ સંખ્યામાં વાર્તાઓ મળે છે. જ્યારે મીનલદવે પાસેથી ૧૩ વાર્તાઓનો એકમાત્ર સંગ્રહ મળે છે. સમાજજીવનની વિરોધાભાસી માનસિકતાનું આલેખન અહીં બંને લેખિકાઓની વાર્તાઓમાં સમાન રીતે થયેલું જોઈ શકાય છે.

---

દિનેશ પી. ચૌહાણ
સરનામું :- મુ,પો. માલાવાડા,
તા. માતર, જી. ખેડા.
પીનકોડ:- ૩૮૭૫૩૦

મો.નં.: ૯૯૮૦૬૯૪૩૪૫
ઈ-મેલ :- dinesh.ddu82@gmail.com